



અમરેલી અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું દૈનિક

R.N.I.N.70053/99, Postal Reg.No.AMR / 69/ Validup to 2021-23

ચુનાવ કા પર્વ, દેશ કા ગર્વ

सत्यमेव जयते

AVADH TIMES DAILY

સૌરાષ્ટ્ર આવૃતિ

મતદાન અવશ્ય કરો

પાના ૮ કિંમત છુટક નકલ રૂા.૩-૦૦

તા.૨-૦૫-૨૦૨૪ ગુરૂવાર

# અવધ ટાઇમ્સ

AVADH TIMES GROUP

ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેકસઃ ૨૨૦૧૫૫/૨૨૪૯૪૭

Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,news@avadhtimes.net,

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ,અમરપુર (વરૂડી),અમરેલીથી છાપીને અવધ ટાઇમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે,અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૮૦ ચૈત્ર વદ ૯ વર્ષ : ૨૮ અંક ૨૨૨









મતદાન અવશ્ય કરો

# અવધ ટાઈમ્સ

ઇલેક્શન - ૨૦૨૪

ચુનાવ કા પર્વ દેશ કા ગર્વ

www.avadhtimes.net અમરેલી ૩ તા.૨-૦૫-૨૦૨૪ ગુરૂવાર




## સીધા સાદા સરળ ધરતી પુત્ર ભાજપનાં ઉમેદવાર શ્રી સુતરીયાને જન જનમાંથી ઉમળકા ભર્યો આવકાર

# ગારીયાધાર પંથકમાં શ્રી ભરત સુતરીયાનો વિદ્યુત વેગી લોકસંપર્ક

### વિકસીત ભારતના નિર્માણ કમળને મત આપજો, ગારીયાધાર ભાજપની પ્રચંડ જીતનો પાયો નાખશે : લોકો સાથે શ્રી ભરત સુતરીયાનો સીધો સંવાદ

### જેસર, સેદરડા, ગળથર, મોણપર, ગૂંદરણા, લુવારા, માનવિલાસ, પરવડી, મોટા ચારોડીયા તેમજ ગારીયાધાર શહેર સહિત વિવિધ ગામડાઓમાં સંપર્ક





અમરેલી,

ગારીયાધાર વિધાનસભાના ગામ જેસર, સેદરડા, ગળથર, મોણપર, ગૂંદરણા, લુવારા, માનવિલાસ, પરવડી, મોટા ચારોડીયા તેમજ ગારીયાધાર શહેર સહિત વિવિધ ગામડાઓમાં ભારતીય જનતાપાર્ટીના ઉમેદવારે પ્રચારપ્રસાર કર્યો .આ તકે કેન્દ્રની મોદી સરકારની વિવધ સિદ્ધિ વિષે લોકો સાથે ચર્ચા કરી હતી. દરેક કાર્યક્રમમાં લોકોની સંખ્યામાં હાજરી જોવા મળી હતી. આતકે જિલ્લા ભાજપ પ્રમુખ આર. સી. મકવાણા, પૂર્વ ધારાસભ્ય કેશુભાઈ નાકરાણી, જિલ્લા પંચાયતની બાંધકામ સમિતિના ચેરમેન દશરથ જાની, તાલુકા ભાજપ પ્રમુખ મોહનભાઈ મકવાણા તાલુકા ભાજપ ગ્રામ્ય નાં મહામંત્રી ઘનશ્યામભાઈ મહેતા તાલુકા પંચાયત નાં સદસ્ય હામુભાઈ આહીર ઈશ્વરભાઇ ગોહીલ તેમજ તાલુકા પંચાયત સદસ્ય જગદીશભાઈ વિક્રમભાઈ બારૈયા પંચાયત સદસ્ય ગેમભાઈ મકવાણા, રાણાભાઈ ગોહિલ, પૂર્વ ઉપ પ્રમુખ ગિજુભાઈ બલદાણીયા, નથુભાઈ રાઠોડ, રમેશભાઈ ગોહિલ, સરપંચ શ્રી ઓઢાભાઈ ગોહિલ, મંગાભાઈ શકાણી, તેમજ તાલુકાના અને જિલ્લાના ભાજપના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા

# અમરેલી બ્રાહ્મણ સોસાયટીમાં સ્નેહમિલન યોજાયું

### લોકસભાનાં ભાજપનાં ઉમેદવાર શ્રી ભરત સુતરીયા સહિત આગેવાનોની ઉપસ્થિતિમાં સમર્થન





અમરેલી,

લોકસભાની ચૂંટણીના પર્વને લઈને અમરેલી શહેરના મતદારોમાં અનેરો ઉત્સાહ છવાયેલ છે.વોર્ડ ૩ ના બ્રાહણ સોસાયટી વિસ્તારમાં લોકસભાના ઉમેદવાર ભરતભાઈ સુતરીયા ના સમર્થનમાં બ્રહ્મેશ્વર મહાદેવ મંદિરે સમસ્ત સોસાઈટીના રહીશોનું સ્નેહ મિલન સમારોહ યોજાયો હતો.બ્રાહ્મણ સોસાયટી વિસ્તારમાં બાર જેટલી અન્ય સોસાયટીઓ પણ આવેલ છે.

અમરેલી ના ધારાસભ્ય અને નાયબ દંડક કૌશિકભાઈ વેકરિયા, મુકેશભાઈ સંઘાણી,ભાવેશભાઈ સોઢા, રાજુભાઈ માંગરોળિયા,ભાવનાબેન ગોંડલીયા,તુષારભાઈ જોશી,મયુરભાઈ માંજરીયા,જશીબેન સાકળીયા સહિતના ઉપસ્થિતિમા બહોળી સંખ્યામાં સ્થાનિક રહીશો ખાસ કરીને મહિલાઓ ઉપસ્થિત રહેલ હતા.કાર્યક્રમ ને સફળ બનાવવા નગર પાલિકાના સદસ્ય નિલેષભાઈ ધાધલ, પિન્ટુ કુરૂદલે, જયાબેન પ્રવીણભાઈ બારૈયા, ખુશ્બુબેન દિગંતભાઈ ભટ્ટ તેમજ તમામ કાર્ય કરો દ્વારા જહેમત ઉઠાવવામાં આવેલ હતી.

### મે-૨૦૨૪ની તા. ૬ અને તા.૭ દરમિયાન

# અમરેલી એઆરટીઓ કચેરી ખાતે મોટરીંગને લગતી કામગીરી બંધ રહેશે

અમરેલી તા.૦૧ મે,૨૦૨૪ લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત વિવિધ કચેરીઓ અને અધિકારીશ્રી-કર્મચારીશ્રીઓને ચૂંટણી ફરજલક્ષી કામગીરી સોંપવામાં આવી છે. મે-૨૦૨૪ની તા.૦૬ અને તા.૦૭ દરમિયાન અમરેલી સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરીના અધિકારીશ્રીઓ - કર્મચારીશ્રીઓ દ્વારા પણ ચૂંટણી ફરજ પરત્વેની કામગીરી કરવામાં આવનાર છે. તેમની આ ફરજને લીધે આ બે દિવસ (મે-૨૦૨૪ની તા.૦૬ અને તા.૦૭) દરમિયાન અમરેલી એ.આર.ટી.ઓ ખાતે મોટરીંગને લગતી રોજિંદી કામગીરી મોકુફ રહેશે. આથી, મોટરીંગ પબ્લિકને આ અંગેની નોંધ લેવા અમરેલી એ.આર.ટી.ઓ. દ્વારા એક અખબારી યાદીમાં અનુરોધ કરવામાં આવ્યો છે.


... ૫૩ વર્ષથી કાર્યરત ...

લાયસન્સ + નામ ટ્રાન્સફર + વિમો

નંબર પ્લેટ + PUC

સૌનપાલ ઓટો એડવાઈઝર્સ

RTO એડવાઈઝર્સ

...એક જ સંસ્થામાં બધીજ સુવિધાઓ...

વિમો + લાયસન્સ નામ ટ્રાન્સફર + પાસીંગ

ગાંધી બાગ પાસે, જય કોમ્પ્લેક્ષ, અમરેલી

ફોન નં. ૦૨૭૯૨-૨૨૩૧૧૦

નંબર પ્લેટ + PUC

પંચવટી કોમ્પ્લેક્ષ, માણેક સ્થંભની બાજુમાં, લાઠી રોડ, અમરેલી

મો. ૯૫૧૦૧ ૩૬૫૫૫



Hero

આ તહેવારોના શુભ અવસરે આપનું મનપસંદ હીરો ટુ-વ્હીલર ખરીદો

આકર્ષક ઑફર સાથે...

હીરોની સાથે બને દરેક તહેવારોશુભ

Hero GIFT Grand Indian Festival of Trust



Navnit Hero

ગોપી ટોકીઝ પાસે, નવનીત ટાયર્સની બાજુમાં, સ્ટેશન રોડ, અમરેલી

મો.+૯૧ ૯૨૮૯૯ ૨૨૨૫૪ navnit@heromotocorp.biz


# બગસરા તાલુકા ભાજપ કાર્યાલયની મુલાકાત લેતા પૂર્વ મંત્રી શ્રી ચુડાસમા

### તાલુકા ભાજપ પ્રમુખ અને શહેર પ્રમુખે આવકાર્યા



બગસરા,(રૂપેશ રૂપારેલિયા)બગસરા તાલુકા ભાજપ આજરોજ મુલાકાત લેતા ગુજરાત સરકાર શ્રી ના પૂર્વ શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા પધાર્યા હતા અને બગસરા તાલુકા અને શહેર ચાલી રહેલી કામગીરી અંગે માહિતી મેળવી હતી અને કામગીરી અંગે બંને પ્રમુખો ની કામગીરીના વખાણ કર્યા હતા તેમજ કામગીરીને બિરદાવી હતી.આ તકે બગસરા તાલુકા ભાજપ તેમજ શહેર ભાજપ દ્વારા ભૂપેન્દ્રસિંહ ચુડાસમા નું શાલ ઓઢાડી સન્માન કર્યું હતું આ તકે બગસરા તાલુકા ભાજપ પ્રમુખ પ્રદીપ ભાખર મહામંત્રી ખોડભાઈ સાવલિયા પ્રકાશભાઈ પરમાર બગસરા શહેર ભાજપ પ્રમુખ ધીરુભાઈ કોટડીયા ઉપપ્રમુખ ઘનશ્યામ સાદરાણી અમરેલી જિલ્લા ભાજપ મંત્રી મનોજ મહીડા બગસરા મંડળી ના ચેરમેન રશવિંભાઈ ડોડીયા જનરલ એમ ડી નિતેશ ડોડીયા સહિત ના કાર્યકર્તા હાજર રહ્યા હતા.


MARUTI SUZUKI ARENA

VITARA BREZZA

WICKEDLY POWERFUL



Sale Helpline: 99046 49999 | Service Helpline: 99045 49999

Alpha Autolink

મારૂતિ સુઝુકી (ઓથોરાઇઝ ડીલર) લાઠી રોડ બાયપાસ

અમરેલી


# શ્રી ભરત સુતરીયાના સમર્થનમાં સુરત ખાતે ભવ્ય સંમેલન યોજાયું

### સુરત ખાતે વસવાટ કરતા અમરેલી લોકસભા ક્ષેત્રના પરિવારજનો દ્વારા ભવ્ય સ્નેહમિલનનું આયોજન




અમરેલી, દેશની જનતાએ ફરી એકવાર મોદી સરકાર બનાવવાનું મન બનાવી લીધું છે ત્યારે કેન્દ્રસરકાર દ્વારા છેલ્લા ૧૦ વર્ષમાં અમલવારીમાં આવેલ વિવિધ જનકલ્યાણકારી યોજનાઓ તેમજ અગત્યના વિકાસલક્ષી કાર્યો ભારતીય જનતા પાર્ટીના આગેવાનો - કાર્યકર્તાઓ મોદી પરિવાર સભાના માધ્યમથી નાગરિકો સુધી પહોંચાડશે. આવનાર લોકસભા ૨૦૨૪ ની ચૂંટણી અંતર્ગત ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર શ્રી ભરતભાઈ સુતરીયા ના સમર્થનમાં સુરત ખાતે વસવાટ કરતા અમરેલી લોકસભા ક્ષેત્રના પરિવારજનો દ્વારા આયોજિત સ્નેહમિલન સંમેલન યોજાયું હતું હતું આટકે અમરેલી લોકસભા ક્ષેત્રના પરિવારજનો ઉપસ્થિત રહીને સમાજના આગેવાનો અને વડીલો સાથે આત્મીય મુલાકાત કરવામાં આવી હતી આ તકે પધારેલા અમરેલી લોકસભાના ઉમેદવાર ભરતભાઈ સુતરીયા, શિક્ષણમંત્રીશ્રી પ્રફુલભાઈ પાનસુરીયા, અમરેલીના ધારાસભ્યને ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક શ્રી કૌશિકભાઈ વેકરીયા, સાવરકુંડલાના ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલા, રાજુલાના ધારાસભ્યશ્રી હીરાભાઈ સોલંકી, ધારીના ધારાસભ્યશ્રી જેવી કાકડિયા, ધારાસભ્યશ્રી કુમારભાઈ કાનાણી, પ્રદેશમંત્રી શ્રી રઘુભાઈ હુંબલ, લાઠી બાબરાના ધારાસભ્યશ્રી જનકભાઈ તળાવિયા , પૂર્વ ધારાસભ્યશ્રી કેશુભાઈ નાકરાણી, કાકડીયા, ,સારહી યુથ ક્લબ ઓફ અમરેલીના ચેરમેનશ્રી મુકેશભાઈ સંઘાણી, સહિતના આગેવાનો સુરત ખાતે ઉપસ્થિત રહ્યા હતા અને આ તકે અમરેલી લોકસભાના ઉમેદવાર ભરતભાઈ સુતરીયા તેમજ પાંચેય ધારાસભ્યોનું બાળાઓ દ્વારા સામૈયા કરીને સ્વાગત કરવામાં આવ્યું હતું આ સંમેલનમાં લોકોએ અભૂતપૂર્વ સ્નેહ ભરતભાઈ સુતરીયાને આપ્યો હતો. આવનાર લોકસભા ચૂંટણી ૨૦૨૪ના અનુસંધાને મોદી જ્યારે ત્રીજી વાર વડા પ્રધાન બનવા જઈ રહ્યા હોય ત્યારે અમરેલી લોકસભા બેઠક પર મોટી સંખ્યામાં ભાજપ તરફી મતદાન કરાવીને તમામ મતદારો જ મોદી સાહેબનો પરિવાર છે એવું ચરિતાર્થ કરવાની હાકલ કરવામાં આવી હતી


અમારો એક જ ધ્યેય સલામત સવારી, અમારૂ નવુ સોપાન

જય રામદેવ ટ્રાવેલ્સ

તદ્દન ન્યુ બ્રાન્ડ A/C, NON A/C બસ

નેસડીથી સુરત

તાતણીયાથી સુરત

ઠણ્ડા-ઠણ્ડા COOL-COOL

ધારી, ચલાલા, જેશીંગપરા અમરેલી, લાઠી, ઢસાથી ગઢડા, બોટાદ, સાળંગપુર, વડોદરા, ભરૂચ, અંકલેશ્વર, લલીતા ચોકડી, કતારગામ, ડભોલી, સુરત

ટાઇમ રાત્રે ૭,૮,૯

ચંદારાણા ટ્રાવેલ્સ એસ. ટી. ડેપો સામે, અમરેલી

અમરેલી : ૯૪૨૬૨ ૬૪૬૩૮, ૭૦૯૯૫ ૦૮૬૪૧, ૯૮૨૪૨ ૭૦૯૦૦

ધારી : ૯૪૨૮૩ ૪૧૪૩૨, સુરત : મો.૮૮૬૬૪ ૮૫૦૦૦, ૯૭૨૭૪ ૯૭૭૨૫,

Online Booking : www.jayramdevtravels.com



સ્પે. કપલ ટુર - ફેમીલી ટુરનું સુંદર આયોજન

કાશ્મીર શ્રીનગર

સિમલા - કુલ્લુ - મનાલી ડેલહાઉસી - અમૃતસર

ગોવા - મહાબળેશ્વર લોનાવાલા - ઇમેજીકા

રોયલ રાજસ્થાન

દિલ્હી - અક્ષરધામ - હરિદ્વાર ગોકુલ - મથુરા - આગ્રા

બનારસ - અલ્હાબાદ નેપાળ - પોખરા

બેંગ્લોર - મૈસુર - ઉટી - કન્યાકુમારી ત્રિવેન્દ્રમ - રામેશ્વર - તીરૂપતિ

કલકતા - ગંગાસાગર જગન્નાથપુરી - ભુવનેશ્વર

કેરાલા

લેહ લદાખ

દાર્જીલીંગ

દુબઇ - થાઇલેન્ડ - બાલી - સિંગાપોર - મલેશિયા - ક્રુઝ

પાસપોર્ટ માર્ગદર્શન • રેલ્વે બુકિંગ • ફ્લાઇટ બુકિંગ • વિઝા

મિથ્સ હોલીડેઝ

૭૫, ગ્રાઉન્ડ ફ્લોર, સરદાર કોમ્પલેક્ષ, જિલ્લા પંચાયત રોડ, અમરેલી

બુકીંગ માટે સંપર્ક કરો... મો.૯૭૨૫૯ ૮૨૧૮૩



LG Life's Good.

Happiness Comes Home

This Gudi Padwa, bring home LG's extravagant products and get unbelievable discounts.



EXCLUSIVE OFFERS

Fixed EMI 1999/-*

PCB 5

Up to 5%* Cash Back Max. up to 2000/-*

*T&C Apply

LG BEST SHOP

MUKUNDRAI AND BROTHERS

OPP. CAR CARE CENTER, CHAKAR GADH ROAD

AMRELI . 365601

Ph: 9408159606 / 9974772377



NETRA CHIKITSA TRUST

MULTI SPECIALITY HOSPITAL

અમરેલી જિલ્લાની પ્રખ્યાત ગોળ હોસ્પિટલમાં હવે... રેગ્યુલર કાન -નાક -ગળાના સર્જન મળશે

ડૉ. હર્ષ બારોટ

ઈ.એન.ટી (કાન-નાક-ગળા ના નિષ્ણાંત)

સમય : સોમવાર થી શનિવાર

૦૯:૩૦ થી ૦૧:૩૦ સાંજે ૦૫:૦૦ થી ૦૮:૦૦



24/7 Emergency Services

ઉપલબ્ધ સુવિધાઓ...

- કાનમાંથી રસી આવવી તેમજ કાનની બેહરાશ.
- કાનમાં સડો તેમજ કાનના પડદાંના રોગોની દૂરબીન દ્વારા તપાસ અને સારવાર.
- નાકના પડદાં તેમજ મસાની દૂરબીન દ્વારા તપાસ તેમજ સારવાર.
- ગળાના કાકડાની તપાસ તેમજ ઓપરેશન દ્વારા સારવાર.
- થાઈરોઈડ ગ્રંથી તેમજ લાળ ગ્રંથીના રોગોનું સચોટ નિદાન તેમજ ઓપરેશન દ્વારા સારવાર.
- મોઢા તેમજ ગળાના કેન્સરનું નિદાન તેમજ સારવાર.
- કાનની બુટના પ્લાસ્ટિક સર્જરીથી ટાંકા.

નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિ સ્પેશિયાલીટી હોસ્પિટલ

ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી ૩૬૫૬૦૧ ગુજરાત. ફોન : (૦૨૭૯૨) ૨૩૩૯૯૯

99045 93355 / 9978966629

AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઈમ્સ
તા.૨-૦૫-૨૦૨૪ ગુરૂવાર

# દેશમાં વિકાસ તો થતો થશે પણ અંધારી આલમનો તો બહુ ઝડપી વિસ્તાર થયો છે

આપણા દેશમાં પોલીસ પર કે તપાસ અધિકારીઓ પર હુમલાઓ હવે સામાન્ય થવા લાગ્યા છે. મહાપાલિકાના દબાણ હટાવ શાખાના કર્મચારીઓને પણ પ્રજાની ગેરશિસ્તનો કડવો અનુભવ છે. એક તો સરકારી જમીન પર દબાણ કરવું અને માથે લુખ્ખાગીરી કરવી. ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રીનું બીજું નામ બુલડોઝર મિનિસ્ટર છે. જો રાજનેતાઓ કડક ન હોય તો અસામાજીક તત્ત્વોનો ત્રાસ વધતો જાય છે. ગુજરાતમાં પણ એવા પરિબળોનો ઉપદ્રવ છે જ.

ગત મહિને એક વહેલી સવારે પશ્ચિમ બંગાળના પૂર્વ મેદિનીપુર વિસ્તારમાં શૈંછ અધિકારીઓ પર ટોળાનો હુમલો દર્શાવે છે કે આપણી વહીવટી અને રાજકીય વ્યવસ્થાએ ભૂતકાળના અનુભવમાંથી કોઈ બોધપાઠ લીધો નથી. આ ઘટનાએ લોકોને જાન્યુઆરીમાં જ બનેલી સંદેશખાલીની ઘટનાની યાદ અપાવી છે, જેમાં ટોળાએ ઈડી (એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ)ની ટીમને નિશાન બનાવી હતી. ફરી એકવાર બંને પક્ષો તરફથી રાજકીય નિવેદનોનો સિલસિલો શરૂ થઈ ગયો, જેના કારણે સમગ્ર મામલાની નિષ્પક્ષ તપાસની શક્યતાના વાદળો ઘેરાઈ રહ્યા છે.

આવી સ્થિતિમાં, રાજકીય નિવેદનોથી દૂર જવું અને પહેલા આ મામલાને લગતા નક્કર તથ્યો પર નજર નાખવી વધુ મહત્વપૂર્ણ બની જાય છે. સૌથી પહેલા કોલકાતા હાઈકોર્ટના નિર્દેશ પર શૈંછ આ કેસની તપાસ કરી રહી છે. બીજું, આ કેસ ડિસેમ્બર ૨૦૨૨માં થયેલા બોમ્બ બ્લાસ્ટ સાથે સંબંધિત છે. ત્રીજું, આ ઘટના બે વર્ષ પહેલાં બની હોવા છતાં, હાઈકોર્ટની સૂચનાથી તેની તપાસ પછીથી શૈંછને સોંપવામાં આવી હતી. આ આરોપીઓને શૈંછ દ્વારા અગાઉ પણ સમન્સ મોકલવામાં આવ્યા હતા, જેને તેમણે અવગણ્યા હતા.

છેલ્લી વાત એ છે કે શૈંછની ટીમ યોગ્ય વોરંટ લઈને ગઈ હતી. કોઈ પણ રાજ્યમાં કેન્દ્રીય એજન્સી સાથે જોડાયેલા અધિકારીઓના કામમાં અવરોધ ઉભો કરવો અત્યંત જોખમી અને નુકસાનકારક છે. સંદેશખાલી કેસમાં પણ આવું જ બન્યું હતું. જો કે, બાદમાં તૃણમૂલ કોંગ્રેસના સ્થાનિક શક્તિશાળી નેતા ગણાતા મુખ્ય આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. પાર્ટીએ તેમને સસ્પેન્ડ પણ કર્યા. પરંતુ તે ઘટનાએ રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર ગંભીર પ્રશ્નો ઉભા કર્યા છે.

નવાઈની વાત એ છે કે ભૂતકાળના અનુભવ છતાં ખુદ મુખ્યમંત્રી મમતા બેનર્જીએ NIAની કાર્યવાહી પર આડકતરી રીતે સવાલો ઉઠાવ્યા છે. તૃણમૂલ સાથે જોડાયેલા અન્ય ઘણા નેતાઓએ પણ આરોપ લગાવ્યો છે કે ભાજપ તૃણમૂલ કોંગ્રેસના સ્થાનિક નેતાઓમાં ડર પેદા કરવા માંગે છે. તેમનું કહેવું છે કે રાત્રે આવી ટીમ મોકલવાનો હેતુ આરોપીઓને પકડવાનો છે. આ કિસ્સામાં, પ્રાથમિક માહિતીના આધારે નિષ્કર્ષ કાઢવામાં ઉતાવળ ન હોય તો પણ સ્પષ્ટ છે કે ચૂંટણીના માહોલમાં જો તપાસ એજન્સીઓ કોઈ એક પક્ષ સામે કાર્યવાહી કરતી જોવા મળે તો તેમની નિષ્પક્ષતા પર સવાલો ઉઠવાની શક્યતા છે.

આવી સ્થિતિમાં તેમની ભૂમિકા ખૂબ જ મહત્વપૂર્ણ બની જાય છે. તેઓએ કાયદાની યોગ્ય પ્રક્રિયાની કાળજી લેવી જોઈએ. તેનું કારણ એ છે કે ચૂંટણીના વાતાવરણમાં તેમની નિષ્પક્ષતા પર સવાલો ઉઠાવવાથી તેમની છબી પર વિપરીત અસર થાય છે એટલું જ નહીં દેશની ચૂંટણી પ્રક્રિયાની વિશ્વસનિયતાને અસર થવાની ભીતિ પણ છે.

આખા દેશની અંદર અપરાધીઓનું એક જુદા જ પ્રકારનું નેટવર્ક અસ્તિત્વમાં આવી ગયું છે. એવું નથી કે એ નવું નકોર છે. આદિકાળથી ચાલ્યું આવે છે. એક જમાનામાં એક માત્ર મુંબઈ પાસે જ અંડરવર્લ્ડ હતું. હવે દેશના તમામ શહેરોમાં અંધારી આલમ હોય છે અને તેમાં એક નહીં પણ આઠ-દસ ડોન હોય છે. એ પોતપોતાના હિતો માટે કામ કરતા હોય છે. કોઈ ખાણ-ખનીજના અપરાધી હોય છે. તો કોઈ દારૂ-જુગારના અડ્ડાઓ ચલાવતા હોય છે.

કોઈ વળી ભૂ-માફિયા હોય છે, તો કોઈ સરકારના ઉચ્ચ અધિકારીઓ પાસે કામ કરાવીને કમિશન ખાતા વ્હાઈટ કોલર ક્રિમિનલ હોય છે. કોંગ્રેસ સરકારમાં પણ આ પ્રકારના લોકો હતા અને ભાજપના રાજમાં પણ આ પ્રકારના લોકો છે. ટૂંકા રસ્તે શ્રીમંત થઈ જવાની માયામાં અનેક અપરાધીઓ હવે મોટા ગજાના ગુનાઓમાં પ્રવેશવા લાગ્યા છે.

વ્યાજ-વટાવનો બિઝનેસ કરનારાઓની તો વળી પછી અલગ જ જમાત છે. એ જ રીતે ખાનગી ફાઈનાન્સિયલ કંપનીઓની લોનની વસૂલાત માટે પણ એ કંપનીઓ અપરાધીઓને રીતસર ભાડે રાખે છે. આ બધું ભારતીય પોલીસ જાણે છે અને છતાં નથી જાણતી. પરંતુ પ્રજા બધું જાણે છે અને ચૂપકિદીથી જોયા કરે છે. દુનિયાના અનેક દેશોમાં જ્યાં સરકાર અપરાધીઓ સામે નિષ્ફળ ગઈ છે ત્યાં પ્રજાએ વિદ્રોહ કરીને ગુનેગારોને પાઠ ભણાવ્યા છે, જે ખરેખર તો બંધારણની વિરુદ્ધ છે. કારણ કે ન્યાયની પ્રક્રિયા વિના કોઈ પણ અપરાધીને પ્રજા દ્વારા મળતી સીધી સજા સ્વયં એક અપરાધ છે. આ સ્થિતિને નિવારવા માટે એકલા ન્યાયતંત્રની સક્રિયતાથી પરિતોષ માની શકાય એમ નથી. રાજનેતાઓ અને અપરાધીઓ વચ્ચેનું લિંકિંગ તોડવાની જરૂર છે જે એક ભગીરથ કામ છે.


# અમરેલીનાં લાઠી રોડ પર રાત્રીનાં છવાઇ જતો અંધારપટ્ટ

## અંધારામાં લોકોએ પ્રવેશવું મુશ્કેલ થઇ પડ્યું : લાઇટો નાખવા માંગ

અમરેલી,

અમરેલી મા માં રાજ મહેલ રોડ ઉપર થી પસાર થતો લાઠી રોડ ઉપર જતો રોડ રાત્રિના સમયે અંધારપટ છવાઈ ગયેલો હોય છે જેથી કરી હાલ ચૂંટણીની મોસમ ચાલી રહી હોય રાત્રિના સમયે કર્મચારી અધિકારીઓ તેમજ પોલીસના જવાનો અવારનવાર હોય અંધારામાં અહીંથી પસાર થવું બહુ જ મુશ્કેલ થઈ રહ્યું હોય જેથી કરી અમરેલી નગરપાલિકા દ્વારા રાજમહેલ રોડ ઉપર લાઈટો નાખવા માં આવે તે જરૂરી છે

## ગ્રહોની ચાલ

રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

### આજનું પંચાગ

તા. ૨.૫.૨૦૨૪ ગુરુવાર ,સંવંત ૨૦૮૦ ચૈત્ર વદ નોમ, ધનિષ્ઠા નક્ષત્ર , શુક્લ યોગ, તૈતિલ કરણ આજે બપોરે ૨.૩૨ સુધી જન્મેલાંની ચંદ્રરાશિ મકર (ખ,જ) ત્યારબાદ કુંભ (ગ ,સ,શ ) રહેશે.

### અખાત્રીજ પર લગ્નના મુહૂર્ત કેમ નથી ??

મંગળ રાહુ યુતિ શરુ થતા અત્રે લખ્યા મુજબ ઘણા મોટા સ્કેન્ડલ બહાર આવ્યા છે તો આર્ટીફીસીયલ ઈન્ટેલિજન્સનો ઘણો દુરુપયોગ પણ સામે આવી રહ્યો છે વળી ડ્રગ્સ ની હેરફેર અને સમુદ્રમાં મહત્વની ઘટનાઓ બની રહી છે જે વિષે અત્રે લખી ચુક્યો છું આ ઉપરાંત આ યુતિ શરુ થયા પછી આત્મઘાતથી લઈને એસિડ એટેક સુધીની ઘટનાઓ સામે આવી રહી છે તો બુધ શેરબજારને તેજીમાં લાવી રહ્યું છે જયારે ગુરુ અને શુક્રનો અસ્ત સોના ચાંદીના ભાવમાં થોડી પીછેહઠ કરાવી આગળ વધારશે વળી આ વખતે અક્ષય તૃતીયા એટલે કે અખાત્રીજ જે વણકહ્યું મુહૂર્ત કહેવામાં આવે છે તેમાં પણ લગ્નની શરણાઈ નહિ ગુંજે કેમ કે ત્યારે જ ગુરુ અને શુક્ર બંને ગ્રહો અસ્તના હશે! આ વર્ષે ઘણા વર્ષો પછી ગુરુ અને શુક્રના



અસ્તના કારણે અક્ષય તૃતીયા એટલે કે અખાત્રીજ પર લગ્નના મુહૂર્ત નથી કેમ કે ગુરુ અને શુક્ર બંને સુખી લગ્નજીવનના પાયા છે માટે એના અસ્ત સાથે લગ્ન કરવા હિતાવહ નથી! હા અખાત્રીજ પર યોગ્ય રીતે લક્ષ્મીજી કુબેર અને સુવર્ણ અને કળશ પૂજા કરવામાં આવે તો સમગ્ર વર્ષ દરમિયાન ધનની કમી રહેતી નથી! આ શુભ દિવસે સાધના કરવાથી અને કુબેર અને લક્ષ્મી મંત્ર કરવાથી શુભ ગ્રહો વધુ શુભ ફળ આપે છે તથા આ દિવસે હકારાત્મક ચિંતન કરવાથી અને પોઝિટિવ વિચારો કરવાથી ખુબ લાભ પ્રાપ્ત કરી શકાય છે. મેં માસના માધ્ય ભાગમાં મંગળ રાહુ યુતિ ડિગ્રી મુજબ ખુબ પાસે પાસે હશે જે સમય આતંકી ગતિવિધિ અને યુદ્ધ જેવી સ્થિતિ નિર્માણ થતું અને વૈશ્વિક સ્તરે છળ કપટની ઘટનાઓ જોવા મળે.

મેષ (અ,લ,ઈ) : આવકમાં મધ્યમ રહે ,આકસ્મિત લાભ થાય,ધાર્યા પરિણામ પ્રાપ્ત કરી શકો, પ્રગતિકારક દિવસ.
વૃષભ (બ,વ,ઉ) :સ્ત્રીવર્ગ માટે ઉત્સાહજનક,વેપારીવર્ગને મધ્યમ રહે,નોકરિયાતને સારું રહે,આગળ વધવાની તક મળે,શુભ દિન.
મિથુન (ક,છ,ઘ) : નસીબ સાથ આપતું જણાય,ધાર્યા કામ પાર પાડી શકો,મિત્રોની મદદ મળી રહે ,પ્રગતિકારક દિવસ .
કર્ક (ડ,હ) : માનસિક વ્યગ્રતા રહે,મનનું ધાર્યું ના થાય,નેગેટિવ વિચારો આવે, મધ્યમ દિવસ.
સિંહ (મ,ટ) : અંગત જીવનમાં સારું રહે,સામાજિક રીતે આગળ વધી શકો, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી શકો.
કન્યા (પ,ઠ,ણ) : જુના હઠીલા રોગ થી સાવધાન રહેવું,વધુ પડતી ચિંતાઓ ટાળવી,પરેજી પાલવ સલાહ છે .
તુલા (ર,ત) : સંતાન અંગે સારું રહે,પરિવાર સાથે આનંદ માણી શકો,કૌટુંબિક પ્રશ્નો ઉકેલી શકો, શુભ દિન .
વૃશ્ચિક (ન,ય) : નવા આયોજનો વિચારી શકો ,તમારા શોખ માટે સમય કાઢી શકો, દિવસ આનંદ માં પસાર થાય.
ધન (ધ,ભ,ફ,ઢ): ભાઈ ભાંડુ સુખ સારું રહે,મિત્રોની મદદ મળી રહે, નવા સંબંધોમાં સારું રહે, યાદગાર દિવસ.
મકર (ખ,જ) : આર્થિક બાબતો માં મધ્યમ રહે,વાણી વર્તન માં કાળજી લેવી,સત્ય કહેવાની રીત પણ બદલવી પડે.
કુંભ (ગ,સ,શ ) : તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય,નવી પ્રતિભા કેળવી શકો, યશ પ્રતિષ્ઠા મેળવી શકો .
મીન (દ,ચ,ઝ,થ): ખર્ચ પર અંકુશ રાખવો,નાણાકીય આયોજન કરવું જરૂરી બને,યોગ્ય રીતે હિસાબ રાખવો જરૂરી બને છે.

### વડાપ્રધાનશ્રીના પ્રવાસ અનુસંધાને

# જુનાગઢમાં હોટલો-ગેસ્ટ હાઉસનું સઘન ચેકિંગ

## જુનાગઢ, અમરેલી, પોરબંદર લોકસભા બેઠકમાં યોજાનાર જાહેરસભા અનુલક્ષીને આયોજન

જુનાગઢ, (હિતેષ પારેખ) વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના જુનાગઢ કાર્યક્રમ અંગે જુનાગઢમાં હોટલો, ગેસ્ટ હાઉસનું સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. જુનાગઢમાં પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રવાસ કાર્યક્રમ અંતર્ગત એસઓજી તથા બીડીડીએસની અલગ અલગ ટીમો બનાવી જુનાગઢ શહેરમાં આવેલ વિવિધ હોટલ, ગેસ્ટ હાઉસ, ધબાનું સઘન ચેકિંગ હાથ ધરવામાં આવેલ

### ટ્રેક્ટરમાં ડુંગળી ભરવા જવાની ના પાડવા પ્રશ્ને

# રાજુલાના ડુંગર ગામે બે કુટુંબીઓ વચ્ચે મારામારી

## કુહાડી, ધારીયા, લાકડી વડે મારમારી ધમકી આપી

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર)

રાજુલા તાલુકાના ડુંગર ગામે તા.૨૯-૪ના સાંજના નટુભાઈ છગનભાઈ ટોપરાણી ઉ.વ.૪૦ના નાનાભાઈ હરેશભાઈ તથા તેમના પત્નિ અને તેના મોટાભાઈ રમેશભાઈના ટ્રેક્ટરમાં ડુંગળી ભરવા જવાની ના પાડેલ હોય. જે અંગેનું મનદુઃખ રાખી વિશાલ રમેશભાઈ ટોપરાણીએ કુહાડી વડે ડાબા ખંભે અને પડખામાં ઈજા પહોંચાડી માથામાં કુહાડી મારી કિરીટ રમેશભાઈ ટોપરાણીએ ધાર્યા વડે નટુભાઈને માથામાં તથા જમણા હાથે ઈજા કરી વિશાલ રમેશભાઈ, કિરીટ રમેશભાઈ તથા હંસાબેન રમેશભાઈ ટોપરાણીએ ગાળો બોલી મુંઢમારમારી એકબીજાએ મદદગારી કરી નટુભાઈના રહેણાંક મકાનમાં ગેરકાયદેસર પ્રવેશ કરી ધમકી આપ્યાની ડુંગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જયારે સામાપક્ષે વિશાલભાઈ રમેશભાઈ ટોપરાણી ઉ.વ. ૨૫ને હર્ષાબેન હરેશભાઈ, હરેશ છગનભાઈ ટોપરાણીને ટ્રેક્ટરમાં ડુંગળી ભરવા કામે આવતા હોય જેને કામ ઉપર આવે ત્યારે છોકરા સાથે નહીં લાવવા જણાવતા મનદુઃખ રાખી વિશાલભાઈને મારમારીની વાતો કરતા હોય. જે અંગે માતાએ સામાવાળાને ઠપકો આપતા સારૂ નહીં લાગતા હર્ષાબેન હરેશભાઈ ટોપરાણીએ વિશાલભાઈ તથા તેના માતાને ગાળો બોલી મુંઢ મારમારેલ તેમજ હસમુખ છગનભાઈ તથા નટુ છગનભાઈ ટોપરાણીએ લાકડી વડે મુંઢ મારમારી ઈજા કરી ધમકી આપ્યાની ડુંગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# જાફરાબાદના એભલવડ અને ખાચરીયા ગામ વચ્ચે મોબાઇલ ચોરાયો

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર)

જાફરાબાદ તાલુકાના એભલવડ અને ખાચરીયા ગામ વચ્ચે કનુભાઈ રાઘભાઈ દેલવાણીયા રહે. મિતીયાળા એભલવડથી બાઈક લઈ સાંજ ૬ વાગ્યે ઘરે આવતા હતાં. ત્યારે વીવો કંપનીનો સીમ સાથેનો મોબાઈલ કિંમત રૂા.૮૦૦૦ની કિંમતનો રસ્તામાં પડી જતાં કોઈ ચોરી ગયાની અંકિતભાઈ કિશોરભાઈ નાથજીએ નાગેશ્રી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# રાજુલા નજીક દેવપરા ભેરાઇ પાટીયા પાસે પ્રૌઢ ઉપર હુમલો

## પાંચ અજાણ્યા શખ્સોએ કાર ઉભી રખાવી કાચ તોડી નુકશાન કરી મારમારી ધમકી આપ્યાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર)રાજુલા તાલુકાના દેવપરા ભેરાઈ ગામના પાટીયા પાસે તા. ૨૯-૪ના સાંજના અજાણ્યા પાંચ શખ્સોએ રાજુલાના મુળ અમદાવાદ રહેતા રાજેશ કૃષ્ણદાસ ઉ.વ.૫૧ની ફોરવ્હીલ કાર ઉભી રખાવી કોઈ મનદુઃખ રાખેલ હોય કે અન્ય કોન્ટ્રાકટ રાખવા મનદુઃખ રાખી ગેર કાયસેર મંડળી રચી પાંચેય શખ્સોએ હુલ્લડ કરી સમાનો ઈરાદો પાર પાડી એક સંપ કરી, રાજેશભાઈ તથા તેની સાથેના અન્યો ઉપર હુમલો કરી રાજેશભાઈની ફોરવ્હીલના કાચ તોડી રૂા. ૩૦હજારનું નુકશાન કરી ઝપાઝપી કરી મુંઢ મારમારી લાકડી વડે જમણી આંખે તથા ગાડીનો આગળનો કાચ તોડી નાક ઉપર સામાન્ય ઈજા કરી તેની સાથે રહેલ શખ્સને ડાબી આંખ તથા જમણી બાજુ ઢોક ઉપર સામાન્ય ઈજા કરી ગાળો બોલી ધમકી આપ્યાની મરીન પીપાવાવ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# લાઠી નજીક ચાંવડ ચેક પોસ્ટ પાસે ટ્રકમાં પશુઓની હેરાફેરી ઝડપાય

## આઠ ભેંસો અને એક પાડા સાથે ટ્રક સહિત રૂા.૫,૮૮,૦૦૦ના મુદામાલ સાથે પોલીસ સ્ટાફે એકને ઝડપી લીધો

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર)

લાઠી તાલુકાના ચાંવડ ગામે આવેલ ચેક પોસ્ટ પાસે લોકરક્ષક અનિલભાઈ સોલંકીએ ઈરફાન ઈકબાલભાઈ કુરેશી રહે. અમરેલી વાળાને પોતાના ટ્રક જી જે ૦૧ ઈટી ૬૧૨૨માં ગેર કાયદેસર આઠ ભેંસ રૂા.૮૦,૦૦૦ તથા એક પાડો રૂા.૮૦૦૦ તથા ટ્રક રૂા.૫,૦૦,૦૦૦ મળી કુલ રૂા.૫,૮૮,૦૦૦નો મુદામાલ ગણી કબ્જે કરી પશુઓને ક્રુરતા પુર્વક ભરી ઘાસચારો કે પાણીની વ્યવસ્થા ન કરી પશુ પ્રત્યે ઘાતકીપણુ દાખવી કતલખાને લઈ જવાના ઈરાદે મળી આવતા મુદામાલ સાથે ઝડપી પાડયો હતો.

# સમઢીયાળા-૧ ગામેથી સગીરાનું વાલીપણામાંથી અપહરણ કરાયું

## ગામના જ શખ્સે લલચાવી ફોસલાવી ભગાડી ગયાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર)રાજુલા તાલુકાના સમઢીયાળા-૧ ગામે રહેતી સગીરાને તેના જ ગામના અશ્વિનભાઈ હરિભાઈ મકવાણા નામનો શખ્સ બદઈરાદે લલચારી ફોસલાવી વાલીપણામાંથી અપહરણ કરી ગયાની સગીરાની માતાએ મરીન પીપાવાવ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

### લોકસભાની સામાન્ય ચૂંટણીને અનુલક્ષી પોલીસ તંત્ર હાઇએલર્ટ

# અમરેલી જિલ્લામાં દેશીદારૂના ૧૨ સ્થળોએ દરોડા :બે મહિલા સહિત ૧૨ ઝડપાઇ ગયા

## જિલ્લામાં જુદા જુદા સ્થળોએથી એક વાહનચાલક સહિત ૮ શખ્સોને નશો કરેલી હાલતમાં ઝડપી પાડયા

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર)

અમરેલી જિલ્લામાં લોકસભાની ચૂંટણી શાંતિપુર્ણ વાતવરણમાં યોજાય તે અનુલક્ષીને પોલીસ તંત્ર હાઈએલર્ટ ઉપર આવી જતાં અસામાજિક પ્રવૃતિઓને ડામવા પોલીસ દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પોલીસ અધિક્ષક હિંમકર સિંહની સુચના અને માર્ગદર્શન હેઠળ અમરેલી જિલ્લામાં જુદા જુદા ૧૨ સ્થળોએ દેશી દારૂના દરોડા પાડી બે મહિલા સહિત ૧૨ શખ્સોને મુદામાલ સાથે ઝડપી પાડયા હતાં.

જેમાં વડીયા, જાફરાબાદ, સાવરકુંડલા, લાઠી, જાફરાબાદ મરીન, વંડા, લીલીયા, અમરેલી રૂરલ પોલીસ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જયારે જિલ્લા જુદા જુદા સ્થળોએ એક વાહનચાલક સહિત ૮ શખ્સોને ઢીંગલી થયેલ હાલતમાં ઝડપી લઈ જેલની હવા ખવડાવી સરભરા કરી હતી. જેમાં લાઠી, બાબરા, મરીન પીપાવાવ અને ખાંભા પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી.

# બગસરા નાગરિક શરાફી સહકારી મંડળીની શૂભેચ્છા મૂલાકાત લેતા પૂર્વ શિક્ષણમંત્રી શ્રી ભુપેન્દ્રસિંહ ચૂડાસમા

## શ્રી રશ્મિનભાઇ ડોડીયાએ મોમેન્ટો આપી સ્વાગત કર્યુ



બગસરા ,(રૂપેશ રૂપારેલિયા) બગસરા નાગરિક શરાફી સહકારી મંડળીની મુલાકાત લેતા ગુજરાત રાજ્યસરકાર ના પૂર્વ શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ બગસરા મંડળી સ્વેછીક મુલાકાત લીધી હતી ત્યાં મંડળી ના ચેરમેન ડોડીયા દ્વારા મંડળી ની કાર્ય પદ્ધતિ અને મંડળી દ્વારા ચાલતી અનેક સેવાકીય તેમજ મંડળી ની બ્રાંચો ની વિગત આપી ચાલુ વર્ષે ગુજરાતભર ની મંડળી માં બગસરા મંડળી દ્વિતીય ક્રમે કામ કરતી બગસરા મંડળી જેમાં ગતવર્ષ માં ચાર કરોડ થી વધુ નો નફો કર્યો હતો અને જીરો એન.પી.એ. સાથે એ ગ્રેડ મેળવ્યો હતો તે અંગે અહેવાલ આપ્યો હતો બગસરા મંડળી હાલ માજ ગાંધીનગર બ્રાન્ચ પણ શરૂ કરવામાં આવી રહી છે તે અંગે જાણકારી આપી હતી આ મુલાકાત માં અમરેલી જિલ્લા ભાજપ ના મહામંત્રી પીઠાભાઈ નકુમ ધારી વિધાનસભા ના ઈન્ચાર્જ પાર્થભાઈ કુકડિયા ભાવનગર ઈસ્ટ વિધાનસભા ના પ્રતિનિધિ રાજીવભાઈ પંડ્યા બગસરા તાલુકા ભાજપ પ્રમુખ પ્રદીપ ભાખર સહિત ના આગેવાનોએ મુલાકાત લીધી હતી તેમાં મંડળી ના જનરલ એમ ડી નિતેશ ડોડીયા અને મંડળી ના સેક્રેટરી ડી.જી.મહેતા જણાવેલ હતું.

# લીલીયામાં ગાયત્રી મંદિર સામે ગુજરાત ગેસની પાઇપલાઇનમાં લીકેજિંગ થયું



અમરેલી,

લીલીયા મોટા ના અમરેલી રોડ પર આવેલ ગાયત્રી મંદિર સામે ગુજરાત ગેસની લાઈન માંથી પી.એન.જી.ગેસની લાઈનમાં પડ્યું ભંગાણ પી.એન.જી ગેસ નીકળવા થી આગ લાગી આગ લાગવાથી તાત્કાલિક વીજ પુરવઠો કરાયો બંધ સવારના ૦૮:૪૫ મિનિટે ઘટના ઘટી અને આ ઘટનાની જાણ થતા સ્થાનિક તંત્ર ની મિનિટો મા પહોચ્યું ઘટના સ્થળે લાઈન તૂટતાં એકાદ કલાક ગેસ રિલીઝ થયો ગુજરાત ગેસ દ્વારા લાઈન જમીન માં ઉપર નાખવામાં આવેલ હોવાથી ઘટના ઘટી હોવાનું પ્રાથમિક તારણ કોઈ મોટી જાન હાનિ થાય તે પહેલાં લીલીયા ગ્રામ પંચાયતના સરપંચ જીવનભાઈ વોરા ને બનાવ ની તાત્કાલિક જાણ કરાતા ગ્રામ પંચાયતના મશીન ના ટાંકા થી પાણીનો મારો ચલાવીને આગ ઠારવાના પ્રયાસો હાથ ધરવામાં આવેલ અને ઘટનાની ગંભીરતા જોઈ સ્થાનિક તંત્ર તાત્કાલિક ગણતરી ની મિનિટો માં પહોચ્યું ઘટના સ્થળે જેમાં મામલતદાર દેસાઈ,નાયબ મામલતદાર પંકજ બારૈયા, ટીડીઓ તુષાર રાદડીયા, ટાઉન પોલીસ અધિકારી ગૌતમ ભાઈ ખુમાણ, પીજીવીસીએલ ના કર્મચારીઓ ગુજરાત ગેસના કર્મચારીઓ સહિત ના સરપંચ તેમજ ગ્રામ પંચાયતના કર્મચારીઓ પહોંચ્યા ઘટના સ્થળે ગુજરાત ગેસના કર્મચારીઓ દ્વારા લીકેજિંગ નું સમારકામ શરૂ કરાયું.

### ઘર પાસે હેઠવાડ નાખવા પ્રશ્ને

# બાબરાના વલારડી ગામે બે પાડોશીઓ વચ્ચે મારામારી

## લાકડી અને બેટ વડે મારમારી ધમકી આપ્યાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર)

બાબરા તાલુકાના વલારડી ગામે રમેશભાઈ ખોડાભાઈ પરમાર ઉ.વ.૩૬ ઉપર દેવુબેન દેવસીભાઈ પરમારે તેના ઘરની બાજુમાં કોઈએ કચરો હેઠવાડ નાખેલ જેનો આક્ષેપ કરી ગાળો બોલતા રમેશભાઈ સમજાવવા જતાં પરેશ દવેસીભાઈ પરમારે પકડી રાખી જયદિપ દિનેશભાઈ મકવાણા, દેવુબેન દેવસીભાઈ પરમાર, દિપકભાઈ ખાણીયાએ લાકડી વડે રમેશભાઈને છાંતી, જમણા પડખા તથા જમણા હાથે બાવડાના ભાગે મારમારી મુંઢ ઈજા કરી ગાળો બોલી હવે પછી હેઠવાડ નાખીશ તો જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની બાબરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જયારે સામા પક્ષે દિપકભાઈ સુરેશભાઈ ખાણીયા ઉ.વ.૨૦ને રમેશ ખોડાભાઈ પરમારે દેવુબેનને હેઠવાડ નાખવા પ્રશ્ને ઠપકો આપવા જતાં હાથમાં રહેલ બેટ વડે જમણા હાથે તથા ડાબા પગના ગોઠણના ભાગે મારમારી મુંઢ ઈજા કરેલ ત્યાર બાદ રમેશ ખોડાભાઈ પરમાર અને ભારતીબેન રમેશભાઈ પરમારે જયદિપભાઈ, કિરણબેન, પરેશભાઈ તથા દેવુબેનને પણ મારમારી ગાળો બોલી ધમકી આપ્યાની બાબરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# કાગવદરમાં અજાણી પ્રૌઢાનું ગરમી કે બિમારીના કારણે નહીં હાર્ટ એટેકથી મોત થયું

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર)જાફરાબાદ તાલુકાના કાગવદર ગામે હાઈવ પુલ ઉપર કોઈ અજાણી ૪૦ થી ૫૦ વર્ષની પ્રૌઢાનું તા.૨૭-૪ના કોઈ પણ સમયે ગરમી કે બીમારીના કારણે મોત નિપજયાનું પૃથ્વીરાજભાઈ ઉમેશભાઈ વરૂએ નાગેશ્રી પોલીસ મથકમાં જાહેર કરેલ પરંતુ નાગેશ્રી પોલીસ સ્ટેશન પાસેથી મળેલ માહિતી મુજબ મરણજનારનું મૃત્યુનું કારણ જાણવા સીએચસી ખાતે મોકલાતા ફરજ પરના ડોકટરે મૃત્યુનું કારણ હાર્ટ એટેકથી મહિલાનું મૃત્યુ થયાનું આરોગ્ય શાખા જિલ્લા પંચાયત દ્વારા જણાવાયું છે.

# સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડના બજાર ભાવો

## કપાસ ૯૦૦ થી ૧૫૦૯ મગફળી ૧૦૧૦ થી ૧૨૧૭

**અમરેલી માર્કેટ યાર્ડ**
શિંગમઠડી-૯૧૫-૧૧૯૧
શિંગમોટી-૧૦૧૦-૧૨૧૭
તલસફેદ-૨૦૫૫-૨૭૩૦
તલકાળા-૨૪૬૦-૩૦૮૯
બાજરો-૩૪૫-૫૧૦
જુવાર-૩૦૦-૮૩૨
ઘઉંટુકડા-૪૦૩-૬૬૮
ઘઉંલોકવન-૪૧૫-૫૯૬
એરંડા-૧૦૧૫-૧૦૪૯
ચણા-૭૦૦-૧૨૨૦
કપાસ-૯૦૦-૧૫૦૯
રાયડો-૭૫૦-૯૮૦
જીરૂ-૪૦૦૦-૪૫૨૦
ધાણા-૧૧૯૦-૧૬૦૫
સોયાબીન-૮૩૨-૮૩૨
તુવેર-૧૪૩૦-૨૩૧૫
મરચાલાંબા-૬૩૦-૩૪૦૦

**અમરેલી શાકભાજી**
બટેટા-૩૬૦-૪૦૦
રીંગણા-૨૦૦-૩૦૦
ફ્લાવર-૧૬૦-૨૨૦
કોબીઝ-૧૫૦-૨૫૦
ટમેટાં-૩૦૦-૪૦૦
વટાણા-૧૪૦૦-૧૫૦૦
ગાજર-૨૫૦-૩૦૦
કારેલા-૫૦૦-૬૦૦
ગલકા-૨૦૦-૨૮૦
કાકડી-૨૦૦-૨૫૦
ગુવાર-૩૧૦-૬૧૦
ચોળાલીલા-૮૦૦-૯૦૦
તુરીયા-૭૦૦-૮૦૦
ભીડો-૪૫૦-૫૦૦
આદુ-૨૨૦૦-૨૩૦૦
કોથમીર-૨૦૦-૩૦૦
મેથીભાજી-૪૫૦-૫૫૦
ટીંડોરા-૫૦૦-૬૦૦
લીમડોમીઠો-૧૦૦-૧૨૦
મરચાલીલા-૬૦૦-૮૦૦

લસણલીલું-૨૦૦૦-૨૬૦૦
લીંબુ-૧૫૫૦-૨૫૫૦
પાલક-૪૦૦-૫૦૦

**રાજુલાયાર્ડ**
બાજરો-૪૧૬-૫૩૮
જુવાર-૪૦૦-૮૦૮
ઘઉં-૪૭૩-૫૬૩
મગ-૧૬૦૧-૧૮૫૧
ચણા-૮૦૦-૧૨૧૮
સોયાબીન-૮૦૦-૮૦૦
શીંગ-૧૦૦૦-૧૦૦૦
તુવેર-૧૫૮૦-૧૯૦૧
કપાસ-૧૧૨૫-૧૪૭૭
જીરૂ-૪૦૦૦-૪૦૦૦
ધાણા-૧૩૮૦-૧૩૮૦

**મહુવાયાર્ડ**
ઘઉં-૪૪૫-૬૭૫
ડુંગળીલાલ-૧૧૬-૨૭૩
ડુંગળીસફદે-૨૧૧-૨૮૪
મેથી-૮૫૪-૯૬૫
એરંડા-૯૨૭-૧૦૬૬
જીરૂ-૪૬૦૦-૪૬૦૦
ચણા-૯૩૦-૧૨૩૦
નાળીયેર-૫૪૪-૧૭૦૦
મગ-૧૬૯૨-૧૮૪૯
કપાસ-૧૦૦૧-૧૪૧૧
તુવેર-૧૨૦૦-૨૧૯૬

**બાબરા**
કપાસ-૧૨૯૪-૧૫૧૬
એરંડા-૯૬૫-૧૦૫૫
તલસફેદ-૨૧૧૦-૨૬૦૦
ચણા-૧૧૩૬-૧૨૪૪
ઘઉં-૪૮૬-૫૩૪
મગફળી-૧૧૩૮-૧૧૬૨
જીરૂ-૩૭૮૦-૪૪૬૦

મેથી-૯૪૦-૯૮૦

**ધારી**
કપાસ-૧૦૩૦-૧૨૫૧
સોયાબીન-
ઘઉં-૪૭૦-૫૧૧
મગફળી-૧૧૭૫-૧૧૭૫
ધાણા-૧૧૦૦-૧૨૭૮
સફેદચણા-૧૫૩૧-૧૫૩૧
મકાઈ-
ચણા-૧૦૯૫-૧૧૮૦
તલ-૨૫૫૦-૨૫૫૦

**સાવરકુંડલા માર્કેટયાર્ડ**
શીંગમોટી-૧૦૬૦-૧૨૨૫
તલસફેદ-૨૬૦૦-૨૭૮૧
જીરૂ-૨૭૦૦-૪૪૦૦
તુવેર-૧૮૦૦-૨૨૧૫
કપાસ-૧૨૫૦-૧૪૮૦
ઘઉં-૪૮૦-૫૫૩
જુવાર-૪૫૦-૬૬૭
ધાણા-૧૨૦૦-૧૪૫૧
ચણા-૧૧૪૦-૧૨૩૦
એરડી-૧૦૦૦-૧૦૩૦
મગ-૧૬૦૦-૧૮૦૧

**ખાંભા**
કપાસ-૧૨૫૨-૧૪૬૧
જીરૂ-૪૦૦૦-૪૦૦૦
મેથી-૯૪૬-૯૪૬
એરંડા-૯૮૦-૧૦૫૦
જુવારસફેદ-૬૦૦-૭૫૧
મગફળી-૧૧૫૦-૧૧૫૦
તુવેર-૧૮૬૦-૧૮૬૦
ચણા-૧૧૯૧-૧૨૪૫
તલસફેદ-૨૬૫૧-૨૬૬૬

**બગસરા**
કપાસ-૧૨૦૦-૧૪૭૧
મગફળી-૯૯૦-૧૦૯૦

મગ-૧૪૦૦-૧૪૦૦
ઘઉંટુકડા-૩૮૦-૫૦૯
એરંડી-૧૦૪૦-૧૦૪૦
સોયાબીન-૭૮૮-૮૧૨
રાય-૯૫૧-૯૫૧
શીંગફાડા-૧૪૨૫-૧૫૦૦
ચણા-૧૦૦૦-૧૧૯૦
ઈસબગુલ-૧૧૫૦-૧૧૫૦

**અમરેલીફ્રુટમાર્કેટભાવ**
ચીકુ-૩૦૦-૫૫૦
દાડમ-૭૦૦-૧૪૦૦
મુસંબી-૮૦૦-૧૨૦૦
સંતરા-૧૬૦૦-૨૧૦૦
કીવી-૩૦૦૦-૪૫૦૦
ડ્રેગન ફ્રુટ-૧૦૦૦-૧૫૦૦
કેસરકેરી-૧૨૦૦-૨૯૦૦
કેળા-૩૫૦-૫૨૦
પોપૈયા-૪૦૦-૬૫૦
સફરજન હિમાચલ-
સ.કાશ્મીર-૨૪૦૦-૩૭૦૦
અનાનસ-૧૨૦૦-૧૭૦૦
અંગુર-૧૦૦૦-૧૫૦૦

**લીલીયા**
કપાસ-

### અમરેલી આજનુ તાપમાન

મહ ામ તાપમાન ૪૦.૪
ન્યુનતમ તાપમાન ૨૪.૨
ભેજનું પ્રમાણ ૪૧
પવનની ગતિ સરેરાશ-૮.૬




ચુનાવ કા પર્વ
દેશ કા ગર્વ

અવધ ટાઇમ્સ

ઇલેક્શન - ૨૦૨૪

આપનો એક
મત કિંમતી છે



www.avadhtimes.net   અમરેલી ૫ તા.૨-૦૫-૨૦૨૪ ગુરૂવાર


